# ડીસા-થરાદમાં નવરાત્રી પર્વને લઈ યુવા હૈયાઓમાં થનગનાટ

ડીસા, તા. ૧૫

શ્રદ્ધા ભક્તિ અને આનંદ ઉલ્લાસભર્યા નવરાત્રી પર્વની રંગેચંગે શરૂઆત થઈ રહી છે ત્યારે ડીસા અને થરાદમાં ઠેરઠેર નવરાત્રી મહોત્સવના આયોજન કરાયા છે ત્યારે ખેલૈયાઓ નોરતાની પહેલી રાતે ધુમ મચાવશે.

નવરાત્રીના નવ દિવસ દરમ્યાન જિલ્લા ભરમાં જગદ્‌જનની મા ભગવતીની ભક્તિની પરાકાષ્ઠા સર્જાય છે. તમામ દેવીઓની નવ દિવસ અને નવ રાત સુધી આરાધના કરવામાં આવે છે. તેમાંય બનાસકાંઠા જિલ્લો તો એવુ પવિત્ર સ્થળ છે જ્યાં મા ભગવતીજીનું હૃદય પડ્યુ હતુ જે અંબાજી તે પર શક્તિપીઠો પૈકીનું એક છે ત્યારે જિલ્લામાં નવ દિવસ દરમ્યાન શ્રદ્ધાના મહાસાગર હીલોળે ચડે છે ત્યારે ડીસા શહેરમાં વર્ષોથી જ્યાં પરંપરાગત ગરબા યોજાતા એ માતાશેરી વિસ્તારમાં જગદંબાના ગરબા આજે પણ એટલા જ પ્રખ્યાત છે. શહેરમાં માતાશેરીના ગરબા સૌથી પ્રાચીન ગરબા કહેવાય છે. પરંતુ જેમ જેમ શહેરનો વ્યાપ વધતો ગયો તેમ તેમ નવી સોસાયટીઓ અને વસાહતોનું સર્જન થતાં આજે તો શહેરમાં ૧૦૦ કરતા વધારે સ્થળોએ ગરબાનું આયોજન થાય છે. છેલ્લા તબક્કા સુધી ખેલૈયાઓએ શણગારના સાધનો, દાંડીયા, ટ્રેડીશનલ ડ્રેસ અને ચણિયાચોળી સહિતની ખરીદી કરી છે. તેમજ વિવિધ સ્થળોએ ગરબાના કોચિંગ ક્લાસનું પણ આયોજન થયું હતું. જેમાં પણ મોટી સંખ્યામાં યુવક યુવતિઓએ ક્લાસ ભરી પરંપરાગત ગરબા અને વિવિધ નાટ્યના પાઠ ભણ્યા હતા.

શહેરના રેલવે સ્ટેશન વિસ્તારમાં આવેલ વિશ્વકર્મા સોસાયટીમાં હંસાબેન દવેએ બહેનોને ૧૫ દિવસથી નિઃશુલ્ક તાલીમ આપી ત્રણ બેન્ચ તૈયાર કરી છે. નવરાત્રીના પગલે છેલ્લા કેટાલય દિવસોથી ઈલેકટ્રીક સાધનો, કપડાં અને શૃંગારની દુકાનો મોડી રાત સુધી ધમધમતી જોવા મળી હતી ત્યારે યુવાહૈયાઓ જેનો કાગડોળે ઈન્તજાર કરતા હતા તે ઘડી આવી પહોંચતાં જ ડીસા અને થરાદમાં શક્તિ ભક્તિ, આનંદ ઉલ્લાસ અને આરાધનાનો માહોલ છવાયો છે.



માં અંબાના પવિત્ર પર્વ નવરાત્રીમાં ગરબે ગુમવા યુવકો યુવતીઓ થનગની રહ્યા છે. ત્યારે દાંતીવાડા પંથકમાં ઠેર-ઠેર નવરાત્રીની ઉત્સાહભેર તૈયારી બાદ આજથી શરૂ થઈ રહેલાં નોરતાના પ્રથમ દિવસે યુવા હૈયાઓ ચાચર ચોકમાં ગરબે ઘૂમશે.

# ગ્રીન હાઉસ બનાવવા ઉત્સુક ખેડૂતને અડધા કરોડનો ચુનો

મહેસાણા, તા. ૧૫

અમદાવાદના ચાર ઈસમોએ મહેસાણા તાલુકાના મુલસણ ગામના એક ખેડૂતને ગ્રીન હાઉસના કામે રૂપિયા ૪૯ લાખનો ડી.ડી. ખેડૂત પાસેથી લઈને કામ પૂર્ણ ન કરવાના આરોપસર આપઘાત, વિશ્વાસઘાત અને ઠગાઈની ફરિયાદ પોલીસ દફતરે નોંધાયેલ છે.

મહેસાણા તાલુકાના મુલસણ ગામે રહેતા રમેશભાઈ તુલસીદાસ પટેલને પોતાના ખેતરમાં ગ્રીન હાઉસ બનાવવા માટે અમદાવાદના ચાર ઈસમોએ પ્રોત્સાહિત કર્યા હતા. બાદ આ કામ પેટે તેઓએ એડવાન્સ રકમની માગણી કરતા મુલસણના ખેડૂતે લગભગ ૪૯ લાખ રૂપિયાનો ડીમાન્ડ ડ્રાફ્ટ આપ્યો હતો અને આ સંદર્ભે દસ્તાવેજ કરવામાં આવ્યો હતો. દરમિયાન ખેડૂતના ખેતરમાં ગ્રીન હાઉસ બનાવવાનું કામ વિલંબમાં પડતાં તેમજ કામ અધુરૂ રહેતા પોતાની સાથે વિશ્વાસઘાત થયો હોવાનું માલૂમ પડતાં છેવટે તેમણે લાંઘણજ પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી. જેથી પોલીસે અપરાધ, વિશ્વાસઘાત અને ઠગાઈનો ગુનો દાખલ કરી વધુ તપાસ આરંભી છે.

# ગઢડા શામળાજીમાં નિવાસી પ્રેક્ષાધ્યાન શિબિર યોજાશે

ખેડબ્રહ્મા, તા. ૧૫

ખેડબ્રહ્માની જીવન વિજ્ઞાન પ્રેક્ષાધ્યાન સંસ્થા દ્વારા તાલુકાના ગઢતા શામળાજી મંદિર ખાતે તા. ૧૭ ઑકટોબર થી તા. ૨૧ ઑકટોબર દરમિયાન પંચ દિવસીય નિવાસી પ્રેક્ષાધ્યાન, શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. આ શિબિર આચાર્ય કરવામાં આવ્યું છે. આ શિબિર આચાર્ય શ્રી મહાશ્રમણજીના શિષ્ય સમણ સિધ્ધ પ્રજ્ઞજીના સાંનિધ્યમાં યોજાશે અને આ શિબિરનું ઉદ્‌ઘાટન પંચવટી દહેગામનાં સંતશ્રી પ્રેમદાયે બાપુના વરસહસ્તે કરવામાં આવશે. આ પ્રસંગે અતિથિ વિશેષ તરીકે સંતશ્રી શાન્તીદાસ પટેલ, ગોતાકથા - જેઠાભાઈ કે. પટેલ, એન.ડી. પટેલ, ગૌતમભાઈ ભટ્ટ, રમણભાઈ પુંજાભાઈ પટેલ તથા રામલાલ પન્નાલાલ ઉપસ્થિત રહેશે. આ શિબિરનું આયોજન આત્મ સાક્ષાત્કાર - માનસિક શાંતિ - તનાવ મુક્તિ તથા સ્વાસ્થ લાભ માટે કરવામાં આવ્યું છે. આ શિબિરને સંકુલ બનાવવા માટે સંસ્થાનના પ્રમુખ આર. આર. જાની - ઉપપ્રમુખ સુરેશભાઈ એસ. પટેલ તથા મંત્રી શંકરલાલ શાહ જહેમત ઉઠાવી રહ્યાં છે.

# ડીસા પંથકમાં ઠંડીનો ચમકારો શરૂ

ડીસા, તા.૧૫

બનાસકાંઠા જિલ્લામાં વરસાદની વિદાય બાદ ગરમીનું પ્રમાણ યથાવત રહેવા પામ્યું હતું. જો કે બે ચાર દિવસથી મોડી રાત્રે ઠંડીનો ચમકારો વર્તાતા લોકોને ગરમ કપડા શોધવા પાડયા હતા.

બનાસકાંઠા જિલ્લામાં વરસાદની વિદાય બાદ ગરમીનું જોર યથાવત રહેવા પામ્યું હતું. દિવસમાં પરસેવો પડાવતી ગરમીના કારણે કુલર, પંખા, ફ્રીઝ, એસી જેવા સાધનોનો સહારો લેવો પડે છે. કેટલાક દિવસોથી મોડી રાતથી માંડી વહેલી સવાર સુધી ફુલગુલાબી ઠંડીનો ચમકારો શરૂ થવા પામ્યો છે. જેમાં મંગળવારે તો સાંજના સુમારે જ ઠંડકનો માહોલ શરૂ થયો હતો અને રાત્રે રજાઈ ઓઢવા મજબૂર કરે તેવી ઠંડી શરૂ થઈ ગઈ હતી. જો કે દિવસે ગરમી અને બફારાનું પ્રમાણ યથાવત રહેતા લોકો વિવિધ બિમારીઓના ભોગ બની રહ્યા છે જયારે મંગળવારથીજ શરૂ થયેલી ઠંડી હવે ધીમે ધીમે જામશે તેવું વાતાવરણ જોવા મળી રહ્યું છે. આથી ઠંડીના પગલે ખેડુતો શિયાળુ પાકની વાવણીની તૈયારીઓ કરવા લાગ્યા છે.

# પ્રાંતિજમાં પરિવર્તન યાત્રા યોજાઈ બાપાએ મોદી સરકારની જાટકણી કાઢી






પ્રાંતિજ, તા. ૧૫

પ્રાંતિજના ભાખરીયા બસ સ્ટેન્ડ નજીક ગતરોજ ગુજરાત પરિવર્તન પાર્ટીની પરિવર્તન યાત્રા આવી પહોંચી હતી અને બાદમાં કેશુભાઈ પટેલના અધ્યક્ષસ્થાને જાહેર સભા યોજાઈ હતી. જેમાં મોદી સરકારની આકરી ટીકા કરી હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર હાલ ગુજરાતમાં અનેક રાજકીય પક્ષો દ્વારા યાત્રાઓ યોજી રહ્યા છે. જેમાં ગુજરાત પરિવર્તન પાર્ટીના અધ્યક્ષ અને પૂર્વ મુખ્યમંત્રી કેશુભાઈ પટેલ પણ ગુજરાત પરિવર્તન યાત્રા લઈ અનેક જિલ્લા તાલુકાઓ ખુંદી રહ્યા છે ત્યારે ગતરોજ આ પરિવર્તન યાત્રા પ્રાંતિજમાં પહોંચી હતી. જ્યાં જાહેર સભાને સંબોધતા જણાવ્યું હતું કે નરેન્દ્ર મોદીની સરકારે પ્રજાના કરોડો રૂપિયા માત્ર પોતાની નામના પાછળ ખર્ચી નાખ્યા છે અને પાંચ વર્ષ વાઈબ્રન્ટ સમિટ કર્યા પછી પણ આજે ગુજરાત ઉદ્યોગોમાં પાંચમાં ક્રમે છે. વધુમાં કેશુભાઈ પટેલે નરેન્દ્ર મોદી સહિત ભાજપની સરકાર પર આકરા પ્રહારો કર્યા હતા અને આ લપોટશંખની સરકાર છે તેમ જણાવ્યું હતું. આ પ્રસંગે મોટી સંખ્યામાં નગરજનો અગ્રણી કાર્યકરો નેતાઓ પરીવર્તન પાર્ટીના હોદ્દેદારો અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

# રાજય વ્યાપી પેટ્રોલ પંપની હડતાલમાં પાલનપુર પેટ્રોલ પંપના સંચાલકો જોડાયા

પાલનપુર, તા.૧૫

ફેડરેશન ઓફ ગુજરાત પેટ્રોલીયમ ડીલર્સ એસોસીએશન દ્વારા આજે દિવસે માત્ર આઠ કલાક સુધી પેટ્રોલ ડિઝલ વેચાણ કરવાનું અનોખું આંદોલન છેડયું છે. ડિઝલ પેટ્રોલ વેચાણમાં કમીશન વધારાની માંગ સાથે શરૂ કરાયેલ આ આંદોલનમાં પાલનપુર પેટ્રોલ પંપના સંચાલકોએ સમર્થન આપ્યું હતું. જેના કારણે આજે પાલનપુરમાં સવારે ૧૦ થી સાંજના ૬ વાગ્યા સુધી જ પેટ્રોલ પંપો ઉપર પેટ્રોલ ડિઝલનું વેચાણ કરાયું હતું. જયારે સાંજના ૬ થી સવારના ૧૦ વાગ્યા સુધી પેટ્રોલપંપો બંધ રહ્યા હતા. જો કે મર્યાદિત કલાકો સુધી પેટ્રોલપંપ ચાલુ રહેતા વાહનચાલકોને ભારે મુશ્કેલીઓ વેઠવી પડી હતી.

ફેડરેશન ઓફ ગુજરાત પેટ્રોલીયમ ડીલર્સ એસોસીએશન દ્વારા પેટ્રોલીયમ પેદાશના વેચાણમાં કમીશન વધારા અંગે જાન્યુઆરી ૨૦૧૧માં રજુ કરાયેલ પેટ્રોલીયમ મીનીસ્ટ્રી કમીટીની ભલામણનું અમલીકરણ કરવાની માંગ સાથે આજે રાજયભરમાં દિવસ દરમિયાન આઠ કલાકના મર્યાદિત સમય સુધી પેટ્રોલપંપો ચાલુ રાખવા બાદમાં પેટ્રોલપંપો બંધ રાખવાનું આંદોલન છેડવામાં આવ્યું છે. રાજય વ્યાપી આ આંદોલનમાં પાલનપુર પેટ્રોલ પંપના સંચાલકોએ જોડાઈને સમર્થન આપ્યું હતું. જો કે પેટ્રોલપંપની આ હડતાલના કારણે રાત્રી દરમિયાન પેટ્રોલ ડિઝલનું વેચાણ ન થવાનું હોઈ પેટ્રોલ ડિઝલ ભરાવવા પેટ્રોલ પંપો ઉપર વાહનોની લાંબી કતારો જામી હતી.

આમ પેટ્રોલીયમ પેદાશના વેચાણમાં કમીશનનો વધારો કરવાની માંગ સાથે શરૂ થયેલ રાજય વ્યાપી આંદોલનને પાલનપુર પેટ્રોલપંપના સંચાલક મંડળે સમર્થન આપ્યું હતું.

# ડીસા તાલુકાના ૫૧ ગામોનું દિયોદર બેઠક પર પ્રભુત્વ

## નવા સિમાંક્ન પ્રમાણે તાલુકાના ગામો ત્રણ બેઠકોમાં વહેંચાયા

## ૮૩ ગામ ડીસા, ૫૧ દિયોદર અને ૧૮ કાકંરેજ બેઠકમાં

ડીસા, તા.૧૫

ગુજરાત વિધાનસભાની ચુંટણીનું કાઉન્ટ-ડાઉન શરૂ થતા લોકશાહીના પર્વને ઉજવવા માટે વહીવટીતંત્ર સજ્જ બન્યું છે. તો બીજી તરફ કઈ બેઠક પર કોણ આવશે? જીત માટે કયા પરિબળ ભાગ ભજવશે તે બાબતે લોકો વિવિધ પ્રકારના ગણિત માંડી રહ્યા છે. આ વખતે બનાસકાંઠા જિલ્લામાં નવ બેઠક થતાં જે તે વિભાગના અગ્રણીઓની નજર બેઠક પર મંડાયેલી છે. જેમાં ડીસા તાલુકાના ૧૫૨ ગામો જિલ્લાની ત્રણ બેઠકો પર વહેંચાઈ જતાં ડીસા તાલુકાના મતદારોનું ડીસા બેઠક ઉપરાંત કાંકરેજ અને દિયોદર બેઠક પર પ્રભુત્વ રહેશે.

વર્ષ ૨૦૦૭ની વિધાનસભાની ચૂંટણીમાં જિલ્લામાં ૮ બેઠકો હતી આ વખતે નવા સિમાંકન પ્રમાણે નવ બેઠકો બનતા નવા સિમાંકન મુજબ ચુંટણી યોજાવાની છે. ત્યારે ડીસા તાલુકામાં ૧૫૨ ગામો આવેલા છે પરંતુ આ ગામોનો ત્રણ વિધાનસભા મત વિસ્તારોમાં સમાવેશ થઈ ગયો છે. જિલ્લાની નવી બેઠકમાં વાવ બેઠકનો ઉમેરો થતાં નવા સિમાંકન પ્રમાણે મતદારો પણ વહેંચાઈ ગયા છે. જેમાં ડીસા બેઠક પર ગ્રામ્ય સમીકરણો બદલાય તેવી શકયતા છે. અગાઉ ડીસા બેઠક પર ઠાકોર, માળી અને રબારી સમાજનું વિશેષ પ્રભુત્વ હતું. હવે રબારી સમાજના પ્રભાવવાળા કેટલાક ગામો દિયોદરમાં ગયા છે. જયારે આંજણા સમાજના કેટલાક ગામોનો ડીસા બેઠકમાં સમાવેશ થતાં આંજણા સમાજના મતો વધ્યા છે. ડીસા તાલુકાના દિયોદર બેઠકમાં ગયેલ ૫૧ ગામો પણ રાજકીય સમીકરણ બદલી શકે છે.

# અમીરગઢ બોર્ડર પરથી વિદેશી દારૂ ભરેલી ટ્રક ઝડપાઈ

પાલનપુર, તા.૧૫

ગુજરાતમાં વિધાનસભાની ચૂંટણી જાહેર થતાની સાથે જ વિદેશી દારૂની ઘુસણખોરી પણ વેગવંતી બનવા પામી છે. રાજસ્થાનમાંથી વિપુલ માત્રામાં વિદેશી દારૂ રાત્રીના સમયે ગુજરાતમાં ઘુસાડવામાં આવી રહ્યો છે ત્યારે કેટલીકવાર રાત્રી દરમયાન થતી વિદેશી દારૂની હેરાફેરી પોલીસના હાથે ઝડપાઈ જતી હોય છે. પોલીસની આંખમાં ધુળ નાખવા હવે વિદેશી દારૂની હેરાફેરી કરતા તત્વો અવનવા અખતરા અજમાવવા લાગ્યા છે. જેની પ્રતિતી અમીરગઢ બોર્ડર ઉપરથી પકડાયેલ વિદેશી દારૂ ભરેલી ટ્રક કરાવી રહી છે. ગત રાત્રિ દરમિયાન કુરકુરાની આડમાં વિદેશી દારૂની હેરાફેરી કરતા બે પરપ્રાંતીય શખ્સો વિદેશી દારૂ ભરેલી ટ્રક સાથે પોલીસના હાથે ઝડપાઈ જતા ભારે ચકચાર મચી જવા પામી છે.

અમીરગઢ બોર્ડર ઉપરથી વિદેશી દારૂ મળી આવવાના બનાવ ઉપર નજર કરીએ તો રાજસ્થાનને અડીને આવેલ અતિસંવેદનશીલ ગણાતી અમીરગઢ ચેક પોસ્ટ બોર્ડર પર ગત રાત્રિના સમયે પોલીસ ટીમ નાકાબંધી ગોઠવી વાહનચેકીંગ કરી રહી હતી તે દરમિયાન રાજસ્થાન તરફથી આવી રહેલી એક શંકાસ્પદ ટ્રકની તલાશી દરમિયાન ટ્રકમાં કુરકરાનાં બંડલો વચ્ચે વિદેશી દારૂના તેમજ બિયરનો મોટો જથ્થો જણાતા ગાડીમાં સવાર ઉત્તર પ્રદેશના દોલતપુરાના સંજયખાન મુનસીખાન તૈલી તેમજ દિલ્હીના ભારતભુષણ શ્રીરામ શર્માની અટકાયત કરવામાં આવી હતી. જયારે ટ્રકમાં લઈ જવાતો ૧૦.૫૪ લાખનો વિદેશી દારૂ રૂ. ૪૦ હજારના કુકરકુરા રોકડ રકમ સહિત રૂ. ૧૮.૯૮ લાખનો મુદ્દામાલ કબજે કરી ધોરણસરની તપાસ હાથ ધરી છે. આમ અમીરગઢ બોર્ડર ઉપરથી રાત્રીના સમયે વિપુલ માત્રામાં વિદેશી દારૂ ઝડપાતા પોલીસની નાકાબંધીને સફળતા મળી હતી. જો કે અત્રે ઉલ્લેખનીય છે કે રાજસ્થાનને જોડતા અમીરગઢ હાઈવે પર રાત્રિના સમયે વિપુલ દારૂની વિપુલ માત્રામાં હેરાફેરી થઈ રહી છે ત્યારે અમીરગઢ બોર્ડર ઉપર સુરક્ષામાં વધારો કરવામાં આવે તો દારૂની હેરાફેરી અંકુશમાં આવી શકે તેમ છે.

## નવરાત્રીના રસીયાઓને ‘રેડ રાસ’ મંત્રમુગ્ધ કરશે

નવરાત્રીના નવ દિવસ દરમિયાન દરેક વય જૂથના અનેક લોકોમાં અખૂટ ઉત્સાહ અને જોમવંતા પર્ફોરમન્સ જોવા મળ છે. આ ઉત્સવે ગુજરાતની દુનિયાભરમાં એક ઓળખ ઉભી કરી છે. સળંગ રજૂ થતા રાસ અને ગરબા ગુજરાતની જીવનશૈલી, તેની સંસ્કૃતિ અને પરંપરાને રજૂ કરે છે. આ આ બાબતને જો વર્તમાન સંદર્ભમાં તપાસીએ તો જૂના સ્વર્ણ કાળનાં કામણ ઓસરી રહ્યાં છે. નવરાત્રીની પૂરાણી મોહકતાને અખબંધ રાખવાના આશયથી રેડ એફએમ દ્વારા ગુજરાતના ગાર્ડન સીટીના સૌજન્થી નવરાત્રી મહોત્સવમાં તેના અત્યંત રાહ જોવાતા સંગીત સંપુટ ‘રેડ રાસ’ની ૨૦૧૨ની આવૃત્તિ રજૂ કરે છે. આ વર્ષે ‘રેડ રાસ’માં શહેરી પરિવેષમાં આધુનિક જીવનશૈલી અને યુવા પેઢીની મહત્વાકાંક્ષાનો સમન્વય કરીને એક લોકપ્રિયસંગીતની સફરમાં રૂપાંતર કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમને ખૂબ જ જાણીતી સુસંકલિત સ્વનિર્ભર ટાઉનશીપ ગોદરેજ ગાર્ડન સીટી, અમદાવાદનો ઉત્સાહજનક પ્રતિસાદ પ્રાપ્ત થયો છે. મધુર પરંપરાગત સુરીલાં ગીતોને બદલે વર્તમાન સમયમાં કોઈ પણ કલાસિક ગીતો વગરની અર્થવિહીન રીમિકસ ટયુન્સનો પગપેસારો થયો છે.




પ્રસિદ્ધ યાત્રાધામ અંબાજીને નવરાત્રી પૂર્વ પૂર્ણપણે સજાવી લેવામાં આવ્યું છે. નવરાત્રી દરમ્યાન ભક્તોનો મોટો પ્રવાહ અહીં દર્શનાર્થે પધારે છે.

# નવરાત્રી : ટ્રાફિક સંદર્ભે જાહેરનામું બહાર પડાયું

અમદાવાદ, તા. ૧૫

અમદાવાદ શહેર પોલીસ કમિશનર એસ. કે. સાઈકિયા, જાહેર જનતા માટે નવરાત્રી મહોત્સવ ૨૦૧૨ દરમિયાન વાહન વ્યવહારના સરળ નિયમન તેમજ ટ્રાફિક વ્યવસ્થા માટે હુકમ ફરમાવેલ છે. વિગત એવી છે કે અમદાવાદ શહેર વિસ્તારમાં તા. ૧૬.૧૦.૧૨ થી તા. ૨૪.૧૦.૧૨ સુધી નવરાત્રી મહોત્સવ દરમિયાન લોકો ગરબા અર્થે વાહનો દ્વારા તથા પગપાળા અવરજવર કરે છે. એસ.જી. હાઈવે ઉપર જુદી જુદી કલબોમાં તેમજ પ્રાઈવેટ પાર્ટી પ્લોટ તથા સોસાયટીઓ વિસ્તારમાં તેમજ જીઆઈએનએફએસ દ્વારા યુનિવર્સિટી ગ્રાઉન્ડમાં વાઈબ્રન્ટ નવરાત્રી મહોત્સવમાં લોકો મોટી સંખ્યામાં ભાગ લેતા હોઈ એસ.જી. હાઈવે પર પસાર થતા તમામ પ્રકારના ભારે વાહનો ઉપર તા. ૧૬.૧૦.૧૨ થી તા. ૨૪.૧૦.૧૨ સુધી રાત્રિના ૨૨.૦૦ કલાકથી ૧.૦૦ સુધી પ્રતિબંધ ફરમાવેલ છે.

અમદાવાદ શહેરમાં પ્રવેશતા તમામ પ્રકારના ભારે વાહનો પ્રતિબંધના સમય દરમિયાન નીચે જણાવેલ રૂટ ઉપર ડાયવર્ટ કરી શકશે.

## થાનગઢના મુદ્દે કડી મામલતદારને કડી રોહિતપંચે આવેદનપત્ર આપ્યું

ગાંધીનગર, તા. ૧૫

કડી શહેરના રોહિત સમાજના આગેવાનો સર્વ શ્રી ડાહ્યાભાઈ રાઠોડ, ૨૮૨ પરગણાના અગ્રણી તેમજ ગુજરાતના જાણીતા સામાજિક કાર્યકર્તા કિશોર કડીકર, ગુજરાત દલિત પેન્થરના પ્રમુખ નટવર સોલંકી તેમજ અન્ય આગેવાનો બળદેવભાઈ સોલંકી, હસમુખભાઈ પરમાર, ઈશ્વરભાઈ પરમાર, અકેલા પેઈન્ટર, દિનેશભાઈ ચાવડા તથા મોટી સંખ્યામાં ઉપસ્થિત કડીના નવયુવાનોએ થાનગઢના દલિતો ઉપર થયેલાં પોલીસ દમન, અત્યાચારોથી પીડિત દલિતોની મુલાકાત લીધી હતી.

અસરગ્રસ્તોએ દર્દભરી કરૂણ કહાની દલિતોએ રજૂ કરી હતી. પ્રકાશ પરમાર, મેહુલ રાઠોડ, પંકજ સુમરાના મા-બાપોએ સંવેદના ભરી કહાની રજૂ કરી હતી. કડી મામલતદારને આવેદનપત્ર આપી અપરાધીઓને સખત સજા થાય તેવી માંગણી કરી હતી. થાનગઢ મુકામ સ્થળ પર શોકસભા કરી બે મિનિટ મૌન પાળી શહિદ થયેલા યુવાનોને અંજલિ આપી હતી.

# પાંથાવાડા નજીકથી પશુ ભરીને જતા વાહન સાથે ડીસાના ત્રણ શખ્સો ઝડપાયા

પાંથાવાડા, તા.૧૫

સરકાર ગમે તેટલા કાયદા કરે પરંતુ અસામાજીક તત્વો એજ રફતારથી તેમનો કારોબાર જારી રાખે છે. તેમાં પશુઓની હેરાફેરી ગેરકાયદેસર રીતે ખુબ જ પ્રમાણમાં વધી ગયેલ છે આજે સરહદી પાંથાવાડા મંડાર હાઈવે પરથી કુંચાવાડા તફ આવતા એક જીપડાલામાંથી પોલીસે છ ભેંસ અને બચ્ચા સાથે ત્રણ શખ્સોની અટકાયત કરી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

આ અંગે વિગતો આપતાં પાંથાવાડા પોલીસ સ્ટેશનના સુત્રોએ જણાવેલ કે રાજસ્થાન તરફથી પુરપાટ ઝડપે આવતી જીપડાલા નાં. જીજે ૨ ઝેડ ૮૦૯૫ને રોકાવતા તેમાંથી પાડા નંગ-૬ ભરેલા હતા તેમને રોકાવી પાસ પરમીટ ન હોઈ ગેરકાયદેસર રીતે લઈ જતાં ડીસા ગવાડીના ત્રણ શખ્સો ઈમ્તીયાઝ મુનાફભાઈ રમજાનકાદર કુરેશી, આસીફ અલીમહમંદ સામે કેસ નોંધી પાડા કિંમત રૂ. ૧૨ હજાર અને ગાડી કિંમત રૂ. ૪ લાખ કબજે કરી વધુ તપાસ પી.એસ.આઈ. જે.જે. દલસાણીયા ચલાવી રહ્યા છે. ત્રણ આરોપીઓ રહેવાસી ડીસા ગવાડીના હોવાનું જાણવા મળ્યું છે.

# નવરાત્રી પર્વને લઈ પાલનપુર શહેર પોલીસમથકે શાંતિ સમિતિની બેઠક મળી

પાલનપુર, તા. ૧૫

નવરાત્રી પર્વ દરમ્યાન શહેરમાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તેમજ નવરાત્રી મંડળો ઉપર જાહેરનામાંનો ભંગ ન થાય તે માટે શહેર પોલીસમથકે નવરાત્રી મંડળના સંચાલકોની બેઠક મળી હતી. શહેર પોલીસમથકના પી.આઈ. દેસાઈના અધ્યક્ષસ્થાને મળેલી આ શાંતિ સમિતિની બેઠકમાં નવરાત્રી મંડળના આયોજકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે પી.આઈ. દેસાઈએ જણાવ્યું હતું કે, નવરાત્રી મંડળો ઉપર નિયત સમયે ગરબા યોજી જિલ્લા કલેક્ટરના જાહેરનામાનો અમલ કરવો તેમજ નવરાત્રી મંડળો ઉપર કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે સંચાલકોએ તકેદારી રાખવી અને નવરાત્રી પર્વ દરમ્યાન શહેરમાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે પોલીસની કામગીરીમાં સહયોગ આપવા અપીલ કરી હતી.

આમ પાલનપુરમાં આદ્ય-શક્તિ આરાધનાનું પર્વ શાંતિ પૂર્વક સંપન્ન થાય તે માટે પોલીસ દ્વારા આગોતરૂ આયોજન કરાઈ રહ્યું છે.